# જ્ઞાતિમૈયા

**જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર**

ઈ-મેગેઝીન • વર્ષ : ૧ • અંક : ૬ • તા. ૨૧ જુલાઈ થી ૨૭ જુલાઈ ૨૦૧૮

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, 2, Krishan Kunj, Valaji Ladha Road, Mulund (West), Mumbai - 80.

## અચલગચ્છાધિપતિ તપચક્રવર્તી પ.પૂ.આ.ભ.શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા. નું ભવ્યાતિભવ્ય ચાતુર્માસ પ્રવેશ



જે કરવું છે
તે કરવા માટેનો
સમય હંમેશા
મળી રહેતો હોય છે.
અભાવ સમયનો નહીં,
જે કરવું છે તે કરવાની
ઈચ્છાનો હોય છે.

– જહોન લુબોક



**- નીશિથ આનંદ દંડ**



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા


**-: સંપાદક ગણ :-**

નીશિથ આનંદ દંડ
જયંત વસનજી છેડા
રાજેન્દ્ર મણીલાલ ખોના
લક્ષ્મીચંદ લાલજી પોલડીયા
પ્રવીણ હંસરાજ લોડાયા
તીલોકચંદ નરશી દંડ
કિર્તીકુમાર ધનજી ધરમશી



**: કાર્યાલય:**

**પોસ્ટ/કુરીઅર પત્રવ્યહાર માટે સરનામું**

Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan
B-2, Krishana Kunj,
V.L.Road, Mulund (West)
Mumbai - 400 080.
**Tel. 9769991922, 9833406124**


**જ્ઞાતિમૈયા હવે નેટ પર....**


www.gyatimaiya.com
email : gyatimaiya2018@gmail.com



**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ આોગ્યને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.


## અમારી વાત...

### સંપાદક સ્થાનેથી

# વડીલોની વિરાસતને જાળવીએ

વિરાસત એટલે કે વારસો ભૌતિક અને પ્રાકૃતિક હોય છે. વડીલો આપણને સંપતિ, સંસ્કાર અને શાખરૂપે આપી જાય છે. એ અમૂલ્ય વારસો જાળવવાની આપણી ચૂસ્ત ફરજ છે જેને આપણે પુરી કરવી જોઈએ. ધન, સંપતિ, હજીય સર્જી શકાય છે, અર્જીત કરી શકાય છે. ટૂંકા ગાળામાં જમા કરી સંચય કરી શકાય છે. પણ શાખ, સંસ્કાર અને સંસ્કૃતિ તો મથ્યા પછી, મહેનત અને માનવીય ભાવોનું જતન કર્યા પછી જ ધીરે ધીરે મળે છે અને એ પછી વૃદ્ધિ થતી જાય છે.

દરેક પરિવારના દરેક જ્ઞાતિના અલગ અલગ સંસ્કાર હોય છે, સ્વભાવ હોય છે અને ખાસીયત, ખૂબીઓ હોય છે. આપણી ગૌરવશીલ જ્ઞાતિનો વારસો દાન, દયા, કરૂણા અને દરેક જીવ પ્રત્યે સમભાવ, સદભાવ રાખવાનો છે એને જાળવવાની દરેકે દરેક જ્ઞાતિજનની ફરજ છે અને આ ફરજ બળજબરીથી નહીં પણ આપોઆપ દિલમાંથી ઉગે, પ્રગટે એવું થવું જોઈએ.

વીતેલા સમય દરમ્યાન થઈ ગયેલા આપણા પૂર્વજસૂરિઓ જાજરમાન કામ કરી પોતાની સાથોસાથ, પરિવારનું તેમજ જ્ઞાતિનું નામ ગૌરવપૂર્ણ રીતે ઉજ્જવળ કરી ગયા છે. તે બદલ આપણને પણ અભિમાન થવું જોઈએ.

આજે મહાનગરી મુંબઈના ઈતિહાસ તવારીખ પર આછડતી નજર નાંખીએ તો આપણા વડીલોએ કરેલ કાર્ય માટે આપણી છાતી ગજગજ ફુલે છે. આવું જાજરમાન કાર્ય, સાથોસાથ એમનું નામ જોડાયું વર્ષોના વર્ષો વીત્યાં એ યાદગીરી આપણને આપણા વડીલોના કાર્ય બદલ માનવંદના જગાવે છે.

આવું કાર્ય શું આજે થઈ શકે ખરું? આવી નામના આપણે જાળવી શકીએ ખરી? એવો પ્રશ્ન આપણને થાય અને એ સવાલ થવો સહજ છે.

સારું કામ, સેવાની પ્રવૃત્તિ, જીવદયાના કાર્યનું સાતત્ય જળવાય તો જન માનસમાં નામ જળવાય, સતત લોકમુખે એ નામ ઉચ્ચારતું રહે. પોતાના નામ માટે, પ્રચાર, પ્રસિદ્ધિ માટે જ કરાતા કામ ઓળખાઈ જાય છે. પણ અંતરની લાગણીથી સેવા કે સદ્‌ભાવના થકી નિસ્વાર્થ ભાવે કરાતી લોક પ્રવૃતિઓ અમર અને અવિનાશી હોય છે. આ કાર્ય આજની આપણી પેઢી કરે તો આપણા વડીલોનો વારસો જળવાઈ રહે, વિવિધ રીતે વિપુલ જન કાર્ય દ્વારા જનમાનસમાં સેવાકીય પ્રવૃતિઓ દ્વારા આપણે સચવાઈએ એનાથી ઉત્તમ શું હોઈ શકે?

જય જ્ઞાતિમૈયા

# ગઢસીસામાં અચલગચ્છાધિપતિ તપચક્રવર્તી પ.પૂ.આ.ભ.શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા. આદી ઠાણા ૭નું ચાતુર્માસ પ્રવેશ



અચલગચ્છાધિપતિ તપચક્રવર્તી પ.પૂ.આ.ભ.શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા. જ્યોતિષાચાર્ય પ.પૂ.આ.ભ.શ્રી વીરભદ્રસાગરજી મ.સા. આદિઠાણા-૭નો ચાતુર્માસ પ્રવેશ ગઢસીસા નગરે ભવ્યાતિભવ્ય રીતે થયેલ. હજારોની સંખ્યામાં કચ્છના ગામે ગામેથી ઉપરાંત ગુજરાત, મહારાષ્ટ્ર, સૌરાષ્ટ્રના ભાવિક ભક્તો અને મોટી સંખ્યા મુંબઈ ગરાઓ પ્રવેશ પ્રસંગે ખાસ ઉપસ્થિત રહેલ.



ગઢસીસાના ઉગમણા નાકાથી સામૈયામાં ઢોલ-શરણાઈ, સંગીતમય બેન્ડ પાર્ટી, નાગલપુર વિદ્યાપીઠના બાળકોની મંડળીના રાસ, કળશધારી બહેનો વિગેરેએ આગવું આકર્ષણ ખડું કરેલ, દહેરાસરજીમાં દર્શન વંદન બાદ ભવ્ય ડોમ મંડપમાં પૂજ્ય ગુરૂભગવંતોનો ગુરૂજી અમારો અંતનાંદ અમને આપો આશીર્વાદના ગગન ભેદી નાદ સાથે પ્રવેશ થયેલ.

સ્ટેજ પર પ.પૂજ્ય આ.ભ. શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા. જ્યોતિષાચાર્ય પ.પૂ.આ.ભ. શ્રી

(અનુસંધાન ૫મા પાને)

# પ.પૂ.આ.ભ.શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.... (૪થા પાનેથી ચાલુ)

વીરભદ્રસાગરસૂરીશ્વરજી મ.સા., પ.પૂ.રાજરત્નસાગરજી મ.સા. પ.પૂ.પ્રિયંકરસાગરજી મ.સા., પ.પૂ.ભાગ્યોદયસાગરજી મ.સા., પ.પૂ.આગમોદવસાગરજી મ.સા., પ.પૂ.ભવ્વોદયસાગરજી મ.સા. આદિ ઠાણા-૭, પ.પૂ.કંચનસાગરજી મ.સા., પ.પૂ.અનંતરત્નસાગરજી મ.સા., પ.પૂ.મલયસાગરજી મ.સા. પ.પૂ.રત્નાકરસાગરજી મ.સા. સાધ્વીજી ભગવંતો પ.પૂ.જગતગુણાશ્રીજી મ.સા., પ.પૂ.ધન્યગુણાશ્રીજી મ.સા., કાવ્યગુણાશ્રીજી મ.સા., આદિ વિશાળ સંખ્યામાં ગુરૂભગવંતો, સાધ્વીજી ભગવંતોની પાવન નિશ્રામાં સળંગ ૫૨-૫૨ વર્ષી

(અનુસંધાન ૬ઠા પાને)





# પ.પૂ.આ.ભ.શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.... (૫મા પાનેથી ચાલુ)



તપના તપચક્રચક્રવર્તી, પ.પૂ.આ.ભ. શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.ને ગુરૂ વંદના કરાયેલ.

અતિથિ મહેમાનો, રાજકીય આગેવાનો, મુખ્ય સંઘપતિ પરિવારો, સંઘપતિ પરિવારો, સહાયક સંઘપતિ પરિવારો, સર્વે ટ્રસ્ટી અધિકારીઓ મંચસ્થ રહેલ. પ.પૂ.આચાર્ય ભગવંતે માંગલીક ફરમાવેલ. ગઢસીસા મહાજનના પ્રમુખ વિશનજીભાઈ દેઢીયાએ શાબ્દિક સ્વાગત સાથે ચાતુર્માસમાં પૂજ્ય ગુરૂભગવંતોની આજ્ઞા અનુસાર દરેક અનુષ્ઠાનો ભક્તિ ભાવ તથા ધર્મારાધનાની ઉજવાશે એવી ખાતરી ઉચ્ચારેલ.



અતિથિઓનું શાલથી સન્માન કરવામાં આવેલ. પૂજ્ય આચાર્ય ભગવંતોનું ગુરૂ પૂજન તથા કામળી ઓઢવવાનું તેમજ સૂત્ર અને ચારીત્રના ચડાવાથી ભાગ્યશાળી પરિવારો એ લીધેલ. પૂજ્ય પ્રિયંકરસાગરજી મ.સા.એ પોતાના પ્રવચનમાં ચાતુર્માસનું મહત્વ સમજાવી ધર્મ આરાધનામાં જોડાવા તથા દીલેર દાતાઓને બીરદાવેલ.

કાર્યક્રમમાં સરપંચ ભાઈલાલ પટેલ, હરેશભાઈ પટેલ, દાઉદભાઈ લઘા રાયમા, સુનીલભાઈ ચોથાણી, રેખાબેન દવે, અમુલભાઈ દેઢીયા, વીપીનભાઈ ગંગર, હરખચંદભાઈ, મયુરભાઈ, શ્રેણીકભાઈ, મનોજભાઈ, ભરતભાઈ વગેરે ગામે - ગામેથી મોટી સંખ્યામાં અગ્રણીઓ ઉપસ્થિત રહેલ. સંસ્થાના ટ્રસ્ટીઓ વીસનજીભાઈ, જયંતીભાઈ, નવીનભાઈ, ચેતનભાઈ, પ્રવીણભાઈ વીસરીયા, પ્રફુલ્લભાઈ દેઢીયા, હસમુખભાઈ નાગડા, સોહિતભાઈ દેઢીયા, હસમુભાઈ દેઢીયા, સી.એ. ચેતનભાઈ, લક્ષ્મીચંદભાઈ, દીલીપભાઈ, વીનીતભાઈ વગેરેના નેતૃત્વ હેઠળ સમગ્ર ટીમે કાર્યક્રમને સફળ બનાવવા જહેમત ઉઠાવી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન વિધિકાર-સંગીતકાર ચંદ્રકાન્તભાઈ દેઢીયાએ કરેલ. જ્યારે આભાર વિધિ સોહિતભાઈ દેઢીયા કરેલ. એમ અખબારી યાદીમાં અમારા પ્રતિનિધિ દ્વારા જણાવવામાં આવેલ છે.

# ગોરેગામમાં ચાતુર્માસ પ્રવેશ

સૂરી ભગવંતોની કૃપાએ અધ્યાત્મયોગી ગુરૂદેવશ્રી ઉદયરત્નસાગરજી મ.સા. તથા યુવા મુનિશ્રી ગુણવલ્લભસાગરજી મ.સા.નો ગોરેગામ નગરે શાનદાર ચાતુર્માસ પ્રવેશ થયો. આ પ્રસંગે ૫૦ થી વધુ સંઘો-ગામોમાંથી ગુરૂભક્તો પધાર્યા. બંને ગુરૂભગવંતોનું સુંદર પ્રવચન રહ્યું. સંઘપ્રમુખ વસંતભાઈએ સ્વાગત પ્રવચન તથા મંત્રી દેવેન્દ્રભાઈ તથા નીનાબેને







સ્વાગત ગીત રજુ કર્યું. પધારેલ સર્વેનું સંઘપૂજન થયેલ. ૫૦૦ જેટલા લોકોએ નવકારશીનો લાભ આપ્યો. દરરોજ સવારે ૮ થી ૯ પ્રવચનની જાહેરાત થઈ. ગોરેગામ સંઘના ઉત્સાહી ટ્રસ્ટ મંડળ તથા કાર્યકર્તાઓએ પ્રસંગને દિપાવવા સુંદર જહેમત કરી. સર્વેની અનુમોદના. એમ અખબારી યાદીમાં ચેતનભાઈ ખોના દ્વારા જણાવવામાં આવેલ છે.






• Exclusive Gharchola
• Bandhani
• Patola • Panetar
• Chaniya Choli
• Designer Saree

જ્યોતિ
Silk Saree Emporium

28, Gani Mansion, Shop No.1, Behind Arora Cinema
Matunga (C.R.), King Circle, Mumbai - 400 019.
Tel. : 24043995 • Time : 11 am to 7 pm
Sunday Closed

# હુબલી સ્થિત લાઈફલાઈન હૉસ્પિટલની બ્લડ બેંકને માતબર દાન



મૂળ ગામ કચ્છ તેરાના હાલે હુબલીના જ્ઞાતિ અગ્રણી શેઠશ્રી ભરતભાઈ બી. ખીમજી દ્વારા માતૃશ્રીની પુણ્યસ્મૃતિમાં હુબલી સ્થિત લાઈફલાઈન હોસ્પિટલની બ્લડ બેંકને રૂ.૫૦ લાખનું માતબર અનુદાન શ્રીમતી રતનબાઈ બી. ખીમજી બ્લડ બેંક નામાભિધાન કરવાની શરતે આપેલ છે. એમ અખબારી યાદીમાં મુલચંદભાઈ મોતા દ્વારા જણાવવામાં આવેલ છે.

## શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ-મુંબઈ દ્વારા કચ્છમાં નોટબુકો વિતરણ કરાઈ

શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ-મુંબઈ દ્વારા દાતાશ્રી શ્રીમતિ ભારતીબેન ભાગચંદ દામજી જૈન ચેરીટેબલ ટ્રસ્ટ મુંબઈના સહયોગથી ગ્રુપના અધ્યક્ષ શ્રી જયેશ જૈન ઉપાધ્યક્ષ, શ્રી ગોવિંદજી પટેલ, પ્રવિણભાઈ લોડાયા, મંત્રી શ્રી કિરણ દંડના માર્ગદર્શન હેઠળ કચ્છમાં સમાજના જરૂરતમંદ વિદ્યાર્થી ભાઈ-બહેનોને નિ:શુલ્ક નોટબુકો વિતરણ કરવામાં આવેલ.

વિતરણ વ્યવસ્થા જયાબેન મુનવર-ભુજ, ભદ્રીકભાઈ મૈશેરી-ગાંધીધામ, દિનેશ મોતા-કોઠારાએ સંભાળી હતી.

## મેડીકલ એડવાઈઝરી સમિતિ

આપણી જ્ઞાતિના ડૉક્ટર-પેરા મેડીકલ -હેલ્થ વર્કસની ડાયરી બનાવવામાં આવી રહી છે. આપના કુટુંબ-સગાસંબંધી માંથી કોઈ ડૉક્ટર હોય તો નામ / ડીગ્રી / મોબાઈલ નં રહેઠાણ વગેરેની વિગત મોકલવા વિનંતી છે. દરેક ગામના મહાજનોને તેમના ગામમાં ડૉક્ટર હોય તો વિગત મોકલવા ભલામણ છે. વિગતો શ્રી રમેશ મોતાને મુલુંડ-૯૮૧૯૬૫૫૨૫૯ પર વૉટ્સઅપ એસ.એમ.એસ.થી વહેલી તકે મોકલવી.

– ભરતભાઈ મૈશેરી




VEENA NAGDA BOLLYWOOD MEHENDI ACADEMY
CERTIFICATE COURSE
40 Years Experience in Mehendi
All Types of Mehendi & Personality Development
• Basic
• Floral
• Cutwork
• Movie Mehendi
• Figure
• Western Etc.
Women's Day Special Discount
Malad (W): Nr. Rly. Station. Time: 11 to 3pm. Call: 9920641717
Masjid Bunder (W): Nr. Rly. Station. Time: 11am to 3pm. Call: 9820431717
Out of Mumbai, Inquiries also Available.
Special Discount For S.S.C.
Email: veenanagda17@gmail.com
We also book bridal & party orders
www.veenabollywoodmehendi.com

# શ્રી મુલુંડ શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન સંઘમાં ચાતુર્માસ પ્રવેશ



વાસુપૂજ્ય દાદાના દરબારે સમસ્ત અચલગચ્છ જૈન સમાજ-મુલુંડના આંગણે અચલગચ્છાધિપતિશ્રીના આજ્ઞાનુવર્તિની પૂ.સા.શ્રી આર્યરક્ષિતાશ્રીજી મ.સા. આદિઠાણા ચારનો તા.૧૮-૭-૨૦૧૮ બુધવારના શાનદાર ચાતુર્માસ પ્રવેશ થયો.

પ્રત્યેક આર્યધર્મમાં ચાતુર્માસનું ખૂબજ મહત્વ છે. કિન્તુ વિશ્વના કોઈપણ ધર્મમાં સંતોના ચાતુર્માસનો પ્રવેશ, સ્વપર આરાધના માટે ચાતુર્માસમાં સ્થિરવાસ અને ચાતુર્માસ પરિવર્તન પછી પુનઃનવકલ્પી પાદવિહાર હોતા નથી. પરંતુ પવિત્ર પરંપરા જૈન ધર્મ સિવાય ક્યાંય નથી.

પરંપરાની અખંડધારામા શ્રી મુલુંડ શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ-મુલુંડના આંગણે... ગુરૂદેવ ગુણસાગર સૂ.મ.સા.ની દિવ્યકૃપાથી, અખંડ બાવનમાં વરસીતપના આરાધક, તપચક્ર-ચક્રવર્તી, અચલગચ્છાધિપતિ પ.પૂ. આચાર્ય ભગવંત શ્રી ગુણોદય સાગરસૂરીશ્વરજી મહારાજા સાહેબના આજ્ઞાનુવર્તિની પ્રવર્તિની-મહત્તરા, અચલગચ્છ શ્રમણી મુખ્યા, પૂ.ગુરૂમૈયા શ્રી વસંતપ્રભાશ્રીજી મ.સા.ના સુશિષ્યા

(અનુસંધાન ૧૧મા પાને)







# શ્રી મુલુંડ શ્વેતાંમ્બર મૂર્તિપૂજક જૈન સંઘમાં ચાતુર્માસ... (૧૦મા પાનેથી ચાલુ)



સરલ હૃદયા પૂ.ગુરૂવર્યા શ્રી આર્યરક્ષિતાશ્રીજી મ.સા. world first in Cow Ph.d ગૌ-વિજ્ઞાની આત્મસ્પર્શી, Life touch પ્રવચન કારિકા, પૂ.સા.શ્રી દેવરક્ષિતાશ્રીજી  મ.સા., પૂ.સા.શ્રી ચૈતન્યરક્ષિતાશ્રીજી મ.સા., પૂ.સા. શ્રી વ્રતરક્ષિતાશ્રીજી મ.સા. આદિ ઠાણા ચારનો તા.૧૮-૭-૨૦૧૮, બુધવારના મંગલ-મૂર્હૂતે મુલુંડ વર્ધમાનનગરથી વાસુપૂજ્ય દાદાના દરબારે શાનદાર અને જાજરમાન પ્રવેશ થયો હતો. પૂ.ગુરુવર્યાશ્રીની ચાતુર્માસ પ્રવેશ યાત્રામાં કચ્છી ઢોલી, શરણાઈ વાદકો, જેન્ટસ બેન્ડ અને સહુનું આકર્ષણ હતું. સોહમ લેડીઝ બેન્ડ સાથે પુના, હૈદ્રાબાદ, સુરત, જામનગર, રાજકોટ અને મુંબઈમાં વસતા કચ્છ-હાલારના ભાવિકો હજારોની સંખ્યામાં જોડાયા હતા. આ પ્રવેશમાં બે-બેન્ડપાર્ટી, સાફા, સંઘપૂજન કાર્ડ, વીડીયો-ફોટોગ્રાફર અને રસદાર હજારો સાધર્મિકોની નવકારશી ભક્તિ સાથે પ્રવેશનો સંપૂર્ણ લાભ શ્રી કચ્છી દશા ઓસવાળ સેવક ભરૂડિયા અચલગચ્છ જૈન સંઘના ગુરુભક્તોએ લીધેલ હતો. આ પ્રસંગને વિશેષ શાનદાર બનાવવા શ્રી સમસ્ત અચલગચ્છ જૈન સમાજ-મુલુંડ ગૌ-વિજ્ઞાન, પર્યાવરણ પ્રેમી પૂ.ગુરુવર્યાશ્રીના ચાતુર્માસ પ્રવેશની અનુમોદનાર્થે પધારનાર સર્વ ભાગ્યશાળીઓને પર્યાવરણની રક્ષા માટે સુંદર આકર્ષક શોપીંગ બેગની પ્રભાવના કરી હતી. તેમજ પ્રસંગાનુસાર પૂજ્ય સાધ્વીશ્રી દેવરક્ષિતાશ્રીજી મ.સા. વ્યવહારિકતાથી આધ્યાત્મિકતા જેમાં સમાયેલી છે. એવો 'ચાતુર્માસના સાડાચાર અક્ષર'નો સંદેશ એમની મધુર-વાણી દ્વારા સમજાવીને હજારો શ્રોતાઓને મંત્રમુગ્ધ કરી દીધા હતા. મુલુંડ ઈસ્ટથી પ.પૂ.સાધ્વીશ્રી વિપુલગુણાશ્રી મ.સા.ના શિષ્યા પ.પૂ. સાધ્વીશ્રી હ્રીંકારગુણાશ્રી મ.સા. પધારેલ અને સંઘને આર્શિવચન આપેલ.



એવં આ પ્રસંગે સમસ્ત અચલગચ્છ જૈન સમાજ-મુલુંડ સાથે ચારે ગચ્છના એવં સાથે સમાજના પદાધિકારીઓની ઉપસ્થિતિ હતી. આ રીતે મુલુંડ સંઘના ઈતિહાસમાં પૂ.ગુરુવર્યાશ્રીનું પ્રવેશ દિવ્યાતિદિવ્ય, શાનદાર યાદગાર, જાજરમાન અને ઐતિહાસિક થયું હતું. એમ અખબારી યાદીમાં ભરતભાઈ મૈશેરી દ્વારા જણાવવામાં આવેલ છે.





# પ.પૂ.કનકગુણાશ્રી મ.સા.નો હૈદ્રાબાદમાં ચાતુર્માસ પ્રવેશ

શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન સંઘ ભાંડુપની ઉપસ્થિતિમાં પ.પૂ. કનકગુણાશ્રી મ.સા. આદિઠાણા-૪નો શ્રી અચલગચ્છ જૈન સંઘ હૈદ્રાબાદમાં બહોળી સંખ્યામાં જ્ઞાતિ ભાવિક ભાઈ બહેનોની હાજરીમાં વાજતે ગાજતે ચાતુર્માસ પ્રવેશ થયો. એમ અખબારી યાદીમાં મનોજભાઈ લોડાયા દ્વારા જણાવવામાં આવેલ છે.












SHREE KDO
SAMAST MAHAJAN
YUVA
YOUTH UNITED FOR VISION AND ACTION
50+
COMPANIES
NATIONAL
JOB FAIR
2018
1st SEPTEMBER 2018, MUMBAI
Yuva an individual body of Shree Samast KDO Jain Mahajan has organized first ever National level job fair tied up with KDO and Non-KDO Companies.
For Registration Contact:
7303093827 | 9769981860 | 9833474744
yuva@kdosamastmahajan.org
KDO Samast Mahajan Yuva
@kdoyuva
www.kdosamastamahajan.org

# દેવલાલી નગરે પ.પૂ.જયદર્શિતાજીનું ચાતુર્માસ પ્રવેશ






પ.પૂ.સાધ્વીશ્રીજી જયલક્ષ્મીશ્રીજી મ.સા.ના શિષ્યા પ.પૂ.જયદર્શિતાજી મહારાજ આદી ઠાણા-૨નો દેવલાલી નગરે ભવ્યાતિભવ્ય રીતે ચાતુર્માસ પ્રવેશ થયો. આ પ્રસંગે વ્યાખ્યાન દરમ્યાન કામળી ઓઢાડવાનું સારો ચડાવો (અનુસંધાન ૧૫મા પાને)







**જ્ઞાતિમૈયામાં ડિઝીટલ મેગેઝીનમાં જાહેરાતોના દરો**

| પ્રકાર | સાઈઝ | ૧ વખત | ૪ વખત/૧ મહિના | ૧૩ વખત/૩ મહિના | ૨૬ વખત/૬ મહિના | ૫૨ વખત/૧૨ મહિના |
|---|---|---|---|---|---|---|
| આખું પાનું | 155 x 225 mm | 1,000.00 | 3,500.00 | 10,000.00 | 18,000.00 | 35,000.00 |
| અડધુ પાનું | 155 x 110 mm | 800.00 | 3,000.00 | 9,000.00 | 15,500.00 | 30,000.00 |
| પા પાનું | 75 x 110 mm | 500.00 | 1,800.00 | 5.500.00 | 10,500.00 | 20,000.00 |

ચેક SHRI SAMASTA KUTCHI DASA OSWAL JAIN MAHAJAN ના નામે લખવા

# દેવલાલી નગરે પ.પૂ.જયદર્શિતાજીનું ચાતુર્માસ... (૧૪મા પાનેથી ચાલુ)









થયો. બાદ રૂા.૫૧૦૦ની સ્કીમના નામો બહોળી સંખ્યામાં આવેલ. જે હજી પણ નામો લેવાનું ચાલુ છે. રૂા.૧૦૦નું સંઘ પૂજન થયેલ. સવારની નવકારશી, બપોરનું સ્વામીવાત્સલ્ય તથા સાંજે ચોવિહારની વ્યવસ્થા દેવલાલી સંઘે સરસ રીતે પાર પાડી હતી. બહારગામથી ચાલીસગામથી સંઘ, પાચોરા, મસ્જિદ બંદર, મુલુંડ ઔરંગાબાદ વિગેરેથી સારી સંખ્યામાં શ્રાવક, શ્રાવિકાઓ પધાર્યા હતા એમ કિશોરભાઈ ખોનાએ જણાવ્યું હતું.



# તેરા ગામે પ.પૂ.સા. પુનીતગુણાશ્રીજી મ.સા.નો ચાતુર્માસ પ્રવેશ





તા.૧૯ જુલાઈ ૨૦૧૮ ગુરૂવાર રોજે કચ્છ તેરા ગામે પ.પૂ.સા. પુનીત ગુણાશ્રીજી મ.સા. આદિ ઠાણા-૨નો ચાતુર્માસનો મંગળ પ્રવેશ વાજતે ગાજતે સકળ સંઘની હાજરીમાં થયો. પ્રવેશ બાદ માંગલિક વ્યાખ્યાન તથા ચાતુર્માસના વિવિધ ચડાવા વિગેરે આદેશ આપવામાં આવેલ. એમ અખબારી યાદીમાં મુલચંદભાઈ મોતા દ્વારા જણાવવામાં આવેલ છે.





## બેંક અકાઉન્ટની વિગત

**For NEFT Transfer**

Type of Account : Saving
Account Number : 002001005497
Name of the Bank : Shri Arihant Co-op. Bank Ltd.
Branch : Mulund (West), Mumbai - 400 080.
Name Account : Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan
For Mobile App Transfer
Our IFSC Code : ICIC00ARIHT

**પૈસા મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.**

Draw your cheque in the name of **'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan'** (and payable at par at Mumbai)

**ચેકથી જાહેરાત ભરનારાઓને ચેક 'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan' ના નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવા જોઈએ.**

# અનંત પેથોલોજી લેબ દ્વારા ડોંબિવલીમાં રાહત દરે મેડિકલ કેમ્પ તેમજ મુલુંડમાં બ્લડ ડોનેશન કેમ્પ સંપન્ન




અનંત પેથોલોજી લેબના પ્રથમ વર્ષગાંઠ (૧૬ જુલાઇ) નિમિત્તે ડોંબિવલી પરિસરમાં વસતા જ્ઞાતિજનો માટે શેઠશ્રી નરશી નાથા મેડીકલ ટ્રસ્ટ આપણી જ જ્ઞાતિના પેથોલોજીસ્ટ શ્રીમતી દીપ્તિબેન ચંપક જીવાણી (સ્નેહલ પેથોલોજી - ડોંબિવલી (પશ્ચિમ) અને શ્રી હેમંત ધુલ્લા (હેમંત પેથોવર્લ્ડ - ડોંબિવલી (પૂર્વ) ના સંયુક્ત સહયોગથી વિવિધ મેડીકલ ચકાસણીના રીપોર્ટ રાહત દરે તેમજ જ્ઞાતિના ડેન્ટીસ્ટ ડૉ. હિતેન મહેન્દ્ર શાહ (સ્વસ્તિક ડેન્ટલ કેર, ડોંબિવલી (પૂર્વ) ના સહયોગથી જ્ઞાતિજનોના હિતાર્થે ૨૫ ટકા રાહત દરે દાંતને લાગતી ચકાસણી સોમવાર, તા. ૧૬.૦૭.૨૦૧૮થી ભલામણ પત્ર શ્રી નરેન્દ્ર જેતશી શિયાલ (દલતુંગી - ડોંબિવલી (પશ્ચિમ) મો. ૯૮૨૦૦૩૪૨૬૮ અને શ્રી રમેશ હીરજી લોડાયા (સુથરી - ડોંબિવલી (પૂર્વ) મો. ૯૮૯૨૦૦૩૯૪૦ પાસેથી મેળવી રાહત દરનો લાભ લઇ શકશે.




શેઠશ્રી નરશી નાથા મેડીકલ ટ્રસ્ટ દ્વારા જ્ઞાતિસેવાર્થે વૈદ્યકિય ક્ષેત્રે અનંત પેથોલોજી લેબની પ્રથમ વર્ષગાંઠે ડોંબિવલીના જ્ઞાતિજનોને જન્મદિન ભેટ આપવામાં

(અનુસંધાન ૧૮મા પાને)



# અનંત પેથોલોજી લેબ દ્વારા ડોંબિવલીમાં રાહત દરે .... (૧૭મા પાનેથી ચાલુ)





આવેલ છે. મુંબઇ મહાજનશ્રીના શેઠશ્રી નરશી નાથા મેડીકલ ટ્રસ્ટ દ્વારા સતત બીજા વર્ષે મેડીકલ પ્રવૃત્તિને વેગવંતી બનાવતા મોરપીંછ ઉમેરાયું. ટૂંક સમયમાં આપ જ્ઞાતિજનોનો, શ્રી અનંતનાથ ટ્રસ્ટના ટ્રસ્ટીઓનો સુંદર સાથ સહકાર સાંપડી રહેતાં ભાંડુપ ખાતે પેથોલોજી ટેસ્ટ રીપોર્ટ માટે કલેક્શન સેન્ટરની શરૂઆત પણ કરવામાં આવશે.

શેઠશ્રી નરશી નાથા મેડીકલ ટ્રસ્ટના ચેરમેન (હોદ્દાની રૂએ) શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન, મુંબઇ મહાજનના પ્રમુખ શ્રી કલ્પેશ માણેકજી મોતા, મેનેજીંગ ટ્રસ્ટી શ્રી હીરાલાલ હંસરાજ ડાઘા, મુંબઇ મહાજનશ્રીના અધિકારીઓ, અનંતનાથજી દેરાસરના ટ્રસ્ટીઓ તથા મેડીકલ ટ્રસ્ટના સર્વે ટ્રસ્ટીઓ, પદાધિકારીઓ, કાર્યકર્તા જેઓ ખભે ખભા મિલાવી જ્ઞાતિજનો માટે વર્તમાન સમયમાં મોંઘી બનતી જતી વિવિધ મેડીકલ ટેસ્ટો માટે અથાગ પ્રયાસો કરી જ્ઞાતિના તેમજ અન્ય ડોક્ટરો સાથે સંકલન કરી રાહત દરે ઉપલબ્ધ કરવા કટિબદ્ધ થયા છે. તેમજ જ્યાં જ્યાં જ્ઞાતિજનો વસે છે ત્યાં સેવા ઉપલબ્ધ કરાય તે માટે વધુમાં વધુ જ્ઞાતિજનોનો સાથ સાંપડતો રહે એવી પરમ પિતા પરમેશ્વરને પ્રાર્થના.

અનંત પેથોલોજી લેબની શરૂઆત ૧૬.૦૭.૨૦૧૭ના પવિત્ર દિવસે જ્ઞાતિના મહાનુભાવો દ્વારા હર્ષોલ્લિત વાતાવરણમાં જ્ઞાતિજનોની વિશાળ હાજરીએ શરૂ કરવામાં આવેલ. અત્યાર સુધી ૪૫૦૦થી અધિક ગ્રાહકોએ સંતોષકારક વિવિધ ચકાસણી લેબના તજજ્ઞ ડૉ. સુજિતસિંઘ દ્વારા રીપોર્ટ મેળવી સંતુષ્ટ થઇ લેબના કાર્યને હજી વધુ વેગવંતો બનાવવા સહિયારો આપ્યો.

દિવસો વિતતાં ક્યાં વાર લાગે છે ! જોત જોતામાં વર્ષ પસાર થઇ ગયો. સંતુષ્ટ ગ્રાહકોને વધુ સુવિધા આપવા તથા પ્રથમ વર્ષગાંઠની ઉજવણી કરવા ત્રિદિવસીય વિવિધ ચકાસણીનો લેબ ઉપર આયોજન કરાયેલ.

રવિવાર, તા. ૧૫.૦૭.૨૦૧૮ના સવારે ૯:૩૦ કલાકે માતુશ્રી જયાબેન મોતીલાલ લોડાયા પરિવાર (મોટી ખાવડી - ઘાટકોપર) ઉદારતાપૂર્વકના સહયોગે બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવેલ.

માતુશ્રી જયાબેન મોતીલાલ લોડાયા પરિવારના સભ્યો સાથે ટ્રસ્ટના મેનેજીંગ ટ્રસ્ટી શ્રી હીરાલાલ હંસરાજ

(અનુસંધાન ૧૯મા પાને)





# અનંત પેથોલોજી લેબ દ્વારા ડોંબિવલીમાં રાહત દરે .... (૧૮મા પાનેથી ચાલુ)







ડાઘા, મુંબઇ મહાજનના માનદ્‌મંત્રી શ્રી રમેશ હીરજી લોડાયા દ્વારા શ્રી અનંતનાથ દાદા, શ્રી મહાકાલી માતાજી તથા શેઠશ્રી નરશી નાથાની છબીને હારારોપણ તથા દીપ પ્રાગટ્ય કરી ત્રિદિવસીય રાહત દરે વિવિધ ચકાસણી, ઇસીજી, બીએમઆઇ તથા પેથોલોજી ટેસ્ટના ઉદ્‌ઘાટન કરવામાં આવેલ. વરસાદી માહોલમાં પ્રથમ પ્રયાસે બ્લડ ડોનેશનમાં ૩૬ બોટલ કલેક્શન કરવામાં આવી. ૧૨ વ્યક્તિઓને હિમોગ્લોબીન પ્રમાણ ઓછું હોતાં નારાજ કરવા પડ્યા. ઇસીજી તપાસણી ફક્ત રૂા.૧૦૦/-માં ડૉ. રાજેન્દ્ર કુરૂવાના સહયોગે પ્રાપ્ત કરવામાં આવેલ. બીએમઆઇ માટે ઘાટકોપરથી અપૂર્વ શાહ તથા રૂચિ અપૂર્વ શાહના વિનામૂલ્યે સેવા આપી જરૂરી સૂચનાઓ જ્ઞાતિજનોને આપેલ. મુલુન્ડ મહિલા મંડળના પ્રમુખ શ્રીમતી રેણુકાબેન લોડાયા તેમજ મંડળની અન્ય બહેનો સાથે પધારી અનંત પેથોલોજી લેબને ઉત્તરોત્તર પ્રગતિના સોપાન સર કરવાની શુભેચ્છા આપેલ.



મહાજનશ્રીના પંચવર્ષિય દાતા તથા બ્લડ ડોનેશન કેમ્પના દાતાશ્રી વિજયભાઇ લોડાયા તેમજ પંચવર્ષિય દાતા પરિવારના શ્રી અશોકભાઇ મણિલાલ દંડ, શ્રી મુકુંદભાઇ મોમાયા ખાસ પધારેલ. સૌ જ્ઞાતિજનોનો સુંદર સાથ સહકાર અમને પ્રાપ્ત થતો જ રહેશે એવી આશા સહ શિબિરના પ્રથમ દિવસે મેડીકલ ટ્રસ્ટના મેનેજીંગ ટ્રસ્ટી શ્રી હીરાલાલ હંસરાજ ડાઘા, શ્રી જીવરાજભાઇ ગોવિંદજી લોડાયા, શ્રી અમિથ શાંતિલાલ મોમાયા, શ્રી નરેન્દ્ર જેતશી શિયાલ, શ્રીમતી મનિષા મિતેશ લાલકા, શ્રી હીતેશ ભોજરાજ નાગડા, શ્રી મયુર મોતીલાલ લોડાયા, ડૉ. રાજેન્દ્ર કુરૂવા ઉપસ્થિત રહી પ્રથમ વર્ષગાંઠની ઉજવણીમાં સામેલ થયેલ. તથા કાર્યકરોમાં જસ્મિન ખીરેશ સાયલા, જસ્મિત કલ્પેશ ધુલ્લા તથા વર્ષા લક્ષ્મીચંદ લોડાયા પોતાનો અમૂલ્ય સમય ફાળવી કાર્યક્રમને સફળ બનાવ્યો.

એમ અખબારી યાદીમાં હિરાલાલ ડાઘા દ્વારા જણાવવામાં આવેલ છે.






# મુલુંડ જ્ઞાતિજનો માટે સર્વોદય મંડળમાં સ્પોર્ટસ ફોરમની શરૂઆત



શ્રી ક.દ.ઓ.જૈન સર્વોદય મંડળ, મુલુંડ સ્પોર્ટસ ફોરમ દ્વારા રવિવાર તા.૧૫-૭-૨૦૧૮ના સાંજના ૫.00 કલાકે, દેવપુંજ વાલજી લધ્ધા રોડ, મુલુંડ. શ્રી વીરજી જીવરાજ મેપાણી હૉલ ખાતે કેરમ અને ચેસના પ્રેક્ટીસ સેશનનું ઉદ્‌ઘાટન થયું. મુલુંડના યુવા તેમજ વયસ્ક જ્ઞાતિજનો સારી સંખ્યામાં પધારેલા.



ઈન્ડોર ગેમ્સમાં જ્ઞાતિના નવા રમતવીરો પ્રકાશમાં આવે અને ટ્રેનીંગ લઈને આગળ વધે તે માટે એક યોજના તૈયાર કરાઈ છે જેમાં દર સોમવાર, બુધવાર અને શુક્રવાર રાતના ૯.00 થી ૧0.૩0 સુધી આ પ્રેક્ટીસ સેશન દેવપુંજ ખાતે યોજાશે. રમતના સાધનો પુરા પડાશે. જરૂર પડે તો નિષ્ણાતની સેવા પ્રદાન કરાશે. આ વર્ગોમાં જોડાવા માટે કપીલ લોડાયા મો.નં.: ૯૮૨0૩૫૭૫૭૧ અથવા મેઘના શાહ મો.: ૯૮૨0૩૫૧૩૩૩ નંબર પર સંપર્ક સાધવો.



રવિવાર તા.૨૨-૭-૨૦૧૮ના વહેલી સવારના ૬.00 કલાકે સાઈક્લીંગનું પ્રેક્ટીસ સેશન યોજાયું. જેમાં ૪0 જણ જોડાયેલા અને ૨૨ કિ.મી.નો પ્રવાસ કર્યો હતો. મૌસમ અને જરૂરિયાત મુજબ હવે પછીના

(અનુસંધાન ૨૧મા પાને)





## મુલુંડ જ્ઞાતિજનો માટે સર્વોદય મંડળમાં સ્પોર્ટસ ફોરમ... (૨૦મા પાનેથી ચાલુ)



સેશન યોજાશે. ભાડેથી સાઈકલ મેળવી આપવામાં આવશે. સાઈક્લીંગ ઈવેન્ટ માટે મેહુલ લોડાયા મો.નં.૯૦૦૪૩૪૪૯૪૯ અથવા ભૌમિક લોડાયાનો મો.૯૯૬૭૦૩૨૧૦૦ નંબર પર સંપર્ક સાધવો.

તંદુરસ્ત શરીર અને મન આપણા રોજિંદા જીવનમાં બહુ જ અનિવાર્ય છે. સૌને જોડાવા આમંત્રણ છે. એમ અખબારી યાદીમાં જીગ્નેશભાઈ મોતા દ્વારા જણાવવામાં આવેલ છે.




**જ્ઞાતિમૈયા માં**

**આપની કોઈપણ મૅટર અથવા જાહેરાત મોકલો**

Email Id : gyatimaiya2018@gmail.com
Email Id : mahajansamast@gmail.com
Website : www.kdosamastamahajan.org

**અથવા વૉટસઍપ પર મોકલો**

**9769991922**
**9820302853**
**9322257731**



**કચ્છ એક્મ આયોજિત સગપણ સંમેલન**

કચ્છ એક્મ દ્વારા આપણી જ્ઞાતિના પરિચય મિલનનું આયોજન ગાંધીધામ મધ્યે કરવામાં આવેલ છે. જેમાં જોડાવવા સમસ્ત ભારતના ક.દ.ઓ. યુવક/યુવતીઓ (વિધવા વિધુર પણ સામેલ થઈ શકશે) ને આમંત્રિત કરીએ છીએ.

**પરિચય મિલન**
**તા. ૩૦/૦૯/૨૦૧૮ રવિવાર**
**ફોર્મ ભરવાની છેલ્લી**
**તા. ૧૬/૦૮/૨૦૧૮**

**-: માહિતી માટે સંપર્ક :-**

મહેશ લાલકા – ૯૮૨૫૨૮૭૫૫૫
લહેરચંદ ખોના – ૯૮૨૫૧૩૮૧૦૩
મિતેશ ધરમશી – ૯૮૨૫૨૨૬૫૫૭
email id : kutchekkam@gmail.com

# સાંયરા ગામે પ.પૂ.સા.શ્રી ચારૂપ્રજ્ઞાશ્રીજી મ.સા.નો ચાતુર્માસ પ્રવેશ





કચ્છ સાંયરા ગામે પ.પૂ.સા.શ્રી ચારૂપ્રજ્ઞાશ્રીજી મ.સા.નો ભવ્ય ચાતુર્માસ પ્રવેશ વાજતે ગાજતે સકળ સંઘના ઉપસ્થિતીમાં થયો. પ્રવેશ બાદ સાહેબજીનું વ્યાખ્યાન બાદ સંઘ જમણ વિગેરે કાર્યક્રમ યોજાયા. ચાતુર્માસ દરમ્યાનના ચડાવાઓ થયા. શ્રાવક શ્રાવિકાઓ તેમજ બહારગામથી પધારેલ મહેમાનોની ઉપસ્થિતી બહોળી સંખ્યામાં રહી હતી. એમ અખબારી યાદીમાં મુલચંદભાઈ મોતા દ્વારા જણાવવામાં આવેલ છે.








**જ્ઞાતિમૈયા માટે આપના વ્યક્તિગત તેમજ સંસ્થાકીય સમાચારો ફોટા સાથે મોકલાવો**

**Email : gyatimaiya2018@gmail.com**

**Whats App : 9769991922, 9322257731**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**
**B-2, Krishana Kunj, V.L.Road, Mulund (West) Mumbai - 400 080.**

# વરાડીયા મધ્યે ચિતામણિ પાર્શ્વનાથ જીનાલયે ૧૧૬મો શ્રી ધ્વજારોહણ મહોત્સવ

વરાડીયા ગામે દેવાધિદેવ ચિંતામણિ પાર્શ્વનાથ દાદાના જીનાલયની વરસ ગાંઠ પ્રસંગે ૧૧૬મા ધ્વજારોહણનો દ્વિદિવસીય મહોત્સવ તા.૧૪ ઓગસ્ટ મંગળવાર તથા તા.૧૫ ઓગસ્ટ બુધવાર રોજે યોજાયો છે.

આ પ્રસંગે પ્રથમ દિવસ તા.૧૪ ઓગસ્ટ રોજે અઢાર અભિષેક પૂજન બપોરના ૧૨.૩૯ કલાકે વિધિકાર સંગીતકાર ચંદ્રકાંતભાઈ દેઢિયા બિદડાવાળા તથા સાથીઓ કરાવશે. તા.૧૫ ઓગસ્ટ બુધવાર રોજે સવારના ૮.૩૦ કલાકે શ્રી સત્તરભેદી પૂજા સહ ધ્વજારોહણ કરાશે જેના વિધિકાર સંગીતકાર પ્રવીણભાઈ રાજગોર રહેશે.

આ અનોખા આનંદના અવસરે શુભનિશ્રા અચલગચ્છાધિપતિ તપચક્રવર્તી પ.પૂ.આ.ભ.શ્રી ગુણોદયસાગરસૂરિશ્વરજી મ.સા.ના શિષ્યા હિતચિંતક પ.પૂ.ચારૂપ્રજ્ઞાશ્રીજી મ.સા., પ.પૂ.અનંતયશાશ્રીજી મ.સા. આદિઠાણાની રહેશે.

અઢાર અભિષેક સહિતના સંપૂર્ણ લાભ મહાજનશ્રીના આદેશથી વરાડિયા ગામની નિયાણી બહેનોને પ્રાપ્ત થયેલ છે. આ પ્રસંગે કુટુંબ સ્વજનો, ગામવાસીઓ અને કચ્છી દશા ઓશવાળ સમસ્ત જ્ઞાતિજનોને પધારવાનું આમંત્રણ છે.

**જ્ઞાતિમૈયામાં ડિઝીટલ મેગેઝીનમાં જાહેરાતોના દરો**

| પ્રકાર | સાઈઝ | ૧ વખત | ૪ વખત/૧ મહિના | ૧૩ વખત/૩ મહિના | ૨૬ વખત/૬ મહિના | ૫૨ વખત/૧૨ મહિના |
|---|---|---|---|---|---|---|
| આખું પાનું | 155 x 225 mm | 1,000.00 | 3,500.00 | 10,000.00 | 18,000.00 | 35,000.00 |
| અડધુ પાનું | 155 x 110 mm | 800.00 | 3,000.00 | 9,000.00 | 15,500.00 | 30,000.00 |
| પા પાનું | 75 x 110 mm | 500.00 | 1,800.00 | 5.500.00 | 10,500.00 | 20,000.00 |

ચેક SHRI SAMASTA KUTCHI DASA OSWAL JAIN MAHAJAN ના નામે લખવા






● ગાંધીધામમાં નશીલા પદાર્થોથી મુક્ત થવા સરહદના સંત્રીઓએ સાઈકલ રેલી યોજી ૧૩૬ સીમા સુરક્ષા દળના ૫૦ જવાનો આમાં જોડાયા હતા.

● અંજાર લોહાણા મહાજનના સહયોગથી માનવસેવા ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા ૫૩મો નેત્ર નિદાન અને સારવાર યજ્ઞનું આયોજન કરાયું. જેમાં ૨૫૦ દર્દીઓની નેત્ર તપાસ તથા ૯૫ લાભાર્થીઓના ફેકો મશીનથી ઓપરેશન કરવાની વ્યવસ્થા કરાઈ હતી.

● સુમરાસર (શેખ) ગામના સહસ્ત્રફણા પાર્શ્વનાથ જીનાલયની બારમી વર્ષગાંઠ ઉમંગ અને ઉત્સાહપૂર્વક ઉજવાઈ. આચાર્ય કવીન્દ્રસાગરસૂરીશ્વરજીનું સામૈયું કરાયું. નવકારશી, ધ્વજા રોહણ, અઢાર અભિષેક હવન, સ્તવન તથા સ્વામીવાત્સલ્ય સહિતના આયોજન થયા હતા.

● મોટી ઉનડોઠના ૪૫૭ વર્ષ જૂના ઐતિહાસિક ભીડ ભંજન મહાદેવ મંદિરના જીર્ણોધ્ધાર બાદ ત્રિદિવસીય ઉજવણી કાર્યક્રમ મુખ્યદાતા લક્ષ્મીબેન (તેજબાઈ) વલ્લભજી ખેરાજ ગાલા પરિવાર, લીલબાઈ લાલજી મૂળજી નાગડા પરિવાર સુંદરબેન દામજી રતનશી હરિયા પરિવારના સહયોગ યોજાયો હતો.

● મૂળ ભૂજના અને ચેમ્બુર નિવાસી ઋષભ અભિનવ ખુશાલભાઈ શાહ એ કેચ્યુરીયલ સાયન્સ (વીમા વિજ્ઞાન)ની પરીક્ષા પ્રથમ વર્ગમાં ઉર્તીણ કરી છે. તેની ફેલો એકરયુરી તરીકે પસંદગી થઈ છે. આ કસોટી ઉર્તીણ કરનાર સંભવતઃ તે જૈન સમાજના પ્રથમ છાત્ર છે.

● મહારાજ ભૂપસિંહજી કચ્છ કોઈન સોસાયટીને બે વર્ષ પૂર્ણ થતા અલભ્ય સિક્કાઓ કચ્છના અપ્રાપ્ય સોના-ચાંદીના સિક્કાઓ એન્ટિક વસ્તુઓ, કીચેઈન, વિવિધ પ્રકારની દુર્લભ ઘડિયાળો, ટપાલ ટિકિટો, ફર્સ્ટ ડે કવર, પોસ્ટલ સ્ટેમ્પ વિગેરે વસ્તુઓ પ્રદર્શિત કરાઈ હતી.

● કચ્છ-જિલ્લા પેન્શર્નસ એસોશિયેન દ્વારા દર માસના છેલ્લા ગુરૂવારે યોજાતા મેડિકલ કેમ્પનો ૧૦૦ કેમ્પ યોજાયો. જેમાં ૧૫૦ જેટલા ભાઈ બહેનોએ ડાયાબિટીસ, બ્લડપ્રેશર, હિમોગ્લોબિન, વજનનું નિદાન કરાવ્યું હતું, એકધારી સેવાકીય કાર્ય કરનાર ભાઈબહેનો સેવાર્થીઓનું શાલ તથા પુષ્પગુચ્છથી સન્માન કરાયું હતું.

● ભચાઉ લોહાણા મહાજન આયોજિત ૨૪માં નિઃ શુલ્ક નેત્રયજ્ઞમાં ૧૨૭ દર્દીઓની તપાસ કરાઈ તથા ૨૭ દર્દીઓના નેત્રમણિ બેસાડવામાં આવ્યા.

● પીંજરાઈ ગ્રુપ દ્વારા કોડાય (તા.માંડવી) મધ્યે વોલીબોલ સ્પર્ધા રમાડવામાં આવી હતી. જેના આયોજન અર્થે દાતાઓ તરફથી મળેલી સંપૂર્ણ રકમ ગાયના ચારા માટે વાપરવામાં આવી હતી.

● ઉનાળાની સિઝનમાં ઉદભવી રક્તની અછતને પહોંચી વળવા તથા વિશ્વ રક્તદાન દિવસની ઉજવણીના ભાગ રૂપે જી.કે.જનરલ હોસ્પિટલ ભુજ દ્વારા સતત અક પખવાડિયા સુધી રક્તદાન કેમ્પનું આયોજન કરાયુ હતું.

● ધ ઈન્સિટિટયુટ ઓફ એકાઉન્ટન્ટ ઓફ ઈન્ડિયાની ૭૦ મા સ્થાપના દિવસની ઉજવણીના ભાગ રૂપે ચાર્ટડ એકાઉન્ટન્ટ દિવસ રોજે મુક્ત જીવન સ્વામી બાપા મહિલા કોલેજ ભુજમાં વિદ્યાર્થીઓને જી.એસ.ટી.ની સમજણ આપવા વર્કશોપ યોજાયો. જેમાં વાણિજ્ય શાળાની ૫૦૦ વિદ્યાર્થી છાત્રાઓ એ ભાગ લીધો હતો,

● સમગ્ર દેશમાં વહેલાસર વરસાદનું આગમન થયા છતા કચ્છમાં વરસાદનું આગમન વિલંબથી છે. જૈન સેવાભાવી સંસ્થા માનવ કલ્યાણ કેન્દ્રના ઉપક્રમે પશુ રક્ષા અભિયાન અંતર્ગત કચ્છના વિવિધ પાંજરાપોળોમાં એક લાખ કિલો કરતાં વધારે લીલા ચારાનું નિરણ કરાયું છે.

● ગાંધીધામ તાલુકા આરોગ્ય વિભાગ દ્વારા તાલુકામાં ૯ માસથી ૧૫ વર્ષ સુધીના ૯૦ હજાર બાળકોને ઓરીરૂબેલા રસીકરણ કરવામાં આવશે.

Gallery of Designer Customized Photo Framing at IIT, POWAI.

Larin Khona
(Sujapar)

anmol
COLLECTION

ART & FRAMES

ORIGINAL PAINTING | CUSTOM FRAMING | FINE ART MATERIALS



/anmolartnframes +91 98692 73314 info@anmolartnframes.com



# શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન (નલિયા)

ધર્મશાળા-ફળિયા, નલિયા-કચ્છ. ફોન : ૦૨૮૩૧ ૨૨૨૩૩૭

**ચર્તુથ સંમેલનની પૂર્વ તૈયારી રૂપે ચર્ચા-વિચારણા કરવા સર્વે નલિયાવાસી જ્ઞાતિજનો જોગ**

જય જીનેન્દ્ર સાથે જણાવવાનું કે શ્રી ક.દ.ઓ.જૈન જ્ઞાતિ મહાજનનું ચર્તુથ સંમેલનના યજમાનનો લાભ આપણા મહાજનને મળ્યો છે. તે બદ્લ હર્ષની લાગણી અનુભવીએ છીએ. આ ચર્તુથ સંમેલનની વિસ્તૃત ચર્ચા-વિચારણા કરવા માટે આપણે સૌ ગામવાસીઓ તેમજ ગામની નિયાણી બહેનોની એક સભાનું આયોજન કરવામાં આવ્યું છે. આમાં સર્વની હાજરી અનિવાર્ય છે. તો આપ સર્વેને પધારવા નમ્ર વિનંતી.

**સ્થળ :**

**હોટેલ અર્ચના રેસીડેન્સી (બેંકવેટ હોલ),**
**એલ.બી.એસ.માર્ગ, મુલુંડ ચેકનાકાની બાજુમાં, મુલુંડ (વે), મુંબઈ - ૮૦.**
**સમય : રવિવાર, તા.૦૫-૦૮-૨૦૧૮ બપોરના ૩ થી ૫ કલાકે**
**ત્યારબાદ અલ્પહાર**

**લી.**
**શ્રી ક.દ.ઓ.જૈન જ્ઞાતિ મહાજન નલિયા ના ટ્રસ્ટીગણ**

# જીવન ઘટમાળ

## જન્મ નોંધ

| | | | | |
|---|---|---|---|---|
| ૦૨-૦૭-૧૮ | રાયપુર | શૌર્યા, રુહી ધવલ મહેન્દ્ર લોડાયા | તેરા | પુત્રી |
| ૨૨-૦૬-૧૮ | હુબલી | પરમ, સુનિલ તિલક લોડાયા | જખૌ | પુત્ર |

## જ્ઞાતિ સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૧૪-૦૭-૧૮ | ડોંબિવલી | કેવલ અજય હિંમતલાલ ખોના | રંગપુર | ૨૭ |
| | ગોરેગાંવ | પ્રિયંકા ભરત પાસુભાઈ નાગડા | રંગપુર | ૨૪ |
| ૧૪-૦૭-૧૮ | ડોંબિવલી | ભાવિન દિલીપકુમાર મેઘજી લોડાયા | વારાપધર | ૨૮ |
| | ભાંડુપ | કૃપા મહેન્દ્ર ગોવિંદજી મોમાયા | વારાપધર | ૨૩ |
| ૧૪-૦૭-૧૮ | મસ્જિદ બંદર | હેમ ભરત મુલજી લોડાયા | આરીખાણા | ૨૪ |
| | થાણે | અંજલી જયેશ ગુલાબચંદ ખોના | નલિયા | ૨૪ |
| ૧૪-૦૭-૧૮ | કોચી | હાર્દિક બીરેન જયંતીલાલ શાહ | સુથરી | ૨૭ |
| | ગદગ | પ્રિયા ભરત શિવજી કારાણી | સુથરી | ૨૭ |
| ૧૬-૦૭-૧૮ | અંતરજાલ | ચિરાગ હિતેન્દ્ર ત્રિકમજી લાલકા | વારાપધર | ૨૯ |
| | ચોપડા | કાજલ રવિન્દ્ર નરશી લોડાયા | નલિયા | ૨૩ |
| ૧૭-૦૭-૧૮ | મસ્જિદ બંદર | પારસ તીલોકચંદ જેઠાભાઈ મૈશરી | સાંધાણ | ૪૦ |
| | અમદાવાદ | નમીતા મહેન્દ્ર દામજી છેડા | સુથરી | ૩૯ |

## અંતર જ્ઞાતિ લગ્ન

| | | | | |
|---|---|---|---|---|
| ૦૬-૦૭-૧૮ | બેંગ્લોર | પ્રતિક શાંતિકુમાર દયારામચંદજી જૈન | બાડમેર | ૨૫ |
| | સેલમ | ચૈતાલી મનોજ ચંદ્રકાંત મુનવર | જખૌ | ૨૫ |

## અંતર જ્ઞાતિ સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૦૧-૦૭-૧૮ | ઘાટકોપર | યશકુમાર રમેશ પદમશી નાગડા | નલિયા | ૩૦ |
| | પુણે | મોનિકા પવનકુમાર રાજમલજી જૈન | અશોક નગર(મ.પ.) | ૩૦ |
| ૦૮-૦૭-૧૮ | બોરીવલી | ગૌરવ રાજકુમાર ચંપાલાલ જાજુ | અમલનેર | ૨૭ |
| | બોરીવલી | મહેક ધીરેન્દ્ર માણેકજી નાગડા | રંગપુર | ૨૬ |
| ૧૪-૦૭-૧૮ | પેટલાદ | વિશાલ મુકેશભાઈ આનંદકુમાર ગાંધી | કુઆપદર | ૨૬ |
| | અમદાવાદ | શ્વેતા કીર્તિ ભારમલ નાગડા | વાસોદ | ૨૪ |
| ૧૪-૦૭-૧૮ | મુલુંડ | ચિંતન શરદ કલ્યાણજી મૈશરી | માંડવી | ૩૫ |
| | અમદાવાદ | હિરલ મહેન્દ્રકુમાર મફતલાલ શાહ | વડાવલી | ૩૬ |
| ૧૪-૦૭-૧૮ | વરલી | ચિંતન મહેશ ઉમરશી દેઢિયા | તલવાણા | ૨૮ |
| | ચીંચવડ | ચાંદની વિજય મેઘજી ખોના | રંગપુર | ૨૭ |
| ૧૪-૦૭-૧૮ | વાપી | અનુપ જયેશ લક્ષ્મીકાંત મહેતા | ભુજ | ૩૦ |
| | ઘાટકોપર | નીલમ નરેન્દ્ર કુવરજી ધરમશી | રંગપુર | ૨૭ |
| ૧૪-૦૭-૧૮ | મુલુંડ | ચિરાગ અતુલ બાબુલાલ શાહ | ખંભાત | ૨૬ |
| | મુલુંડ | હિમાંશી રાજેશ મણીલાલ દંડ | ભરૂડિયા | ૨૫ |
| ૧૪-૦૭-૧૮ | મુલુંડ | ગૌતમ વિનોદ ખીમજી મૈશરી | માંડવી | ૩૯ |
| | ઘાટકોપર | જ્યોતિ પ્રવીણ ઉતમરામ મોતા | વરંડી મોટી | ૩૯ |
| ૧૯-૦૭-૧૮ | ગુલબર્ગા | ભાવિક પંકજ જીવરાજ ગાલા | ભોજાય | ૨૫ |
| | ઊર્જા | દિવ્યા હરેશ શામજી ધરમશી | કોઠારા | ૨૨ |

# Bipin Nagda Insurance Services

India's Leading Insurance Agent

**ISO 9001:2008 CERTIFIED COMPANY**



**Off:** 682, Ajanta Compound, Bhiwandi, Dist-Thane 421 305
**Helpline:** 02522 - 254011, 231411, 232190
**Tel.** 02522-254012 / 13 **Mob: 9323525000**
**Email: bipinpnagda@gmail.com**
**Web: www.bipinnagda.com**

ISO 9001:2008 — INSURANCE SERVICES — CERTIFIED COMPANY — You're safe in our hands

EVERYTHING IN INSURANCE — 41 YEARS — SINCE - 1977 — YEARS OF SERVICE

## ABOUT US

- All Insurance Solutions under one Roof.
- Dealing with Brands

LIC | Apollo Munich Health Insurance | ICICI Lombard General Insurance
Reliance General Insurance | IFFCO-TOKIO General Insurance Muskurate Raho | Bajaj Allianz
Star Health Insurance | Chola MS General Insurance | Religare Health Trust | Liberty Videocon General Insurance

- Claim Consultancy
- Mediclaim / Personal Accidental / Workmen Consultancy Department
- In Fire Loss - Get Fire Claim Cheque within 30 days*.
- All types Service Related with Life & General Insurance.

नये एक्सीडेंटल या मेडिक्लेम पॉलिसी या रिन्युअर के लिए संपर्क करें।
दावे के साथ इससे सस्ता और बेहतर पॉलिसी / इन्सुरेन्स कहीं नहीं

## Free Claim Consultancy & Guidance

**8 to 8 Sunday 9 to 1**

|| શ્રી અનંતનાથાય નમઃ ||



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા

# શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન

તા. ૦૪-૦૫-૨૦૧૮

શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિજનો જોગ,

સવિનય જણાવવાનું જે **શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જ્ઞાતીનું ચર્તુથ સંમેલન તા.૨૩, ૨૪ અને ૨૫ ડિસેમ્બર ૨૦૧૮ના રવિવાર, સોમવાર અને મંગળવાર** ના દિવસે નલીયા મુકામે **શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન, નલીયા**ના યજમાન પદે આયોજન કરવામાં આવી રહ્યું છે. જેની નોંધ લેશોજી.

આ અંગેની વધુ માહિતીઓ જ્ઞાતિના તમામ મહાજનોને ટુંક સમયમાં મોકલવામાં આવશે.

સર્વે જ્ઞાતીજનો, જ્ઞાતી સંસ્થાના પદાધિકારીઓને જાણ થાય કે આ સમય દરમ્યાન પોતપોતાના અંગત તથા સંસ્થાગત કાર્યો ગોઠવવા નહી, જેથી જ્ઞાતિજનો સંમેલનમાં ભાગ લઈ શકે.

સંમેલન પ્રસંગે પધારનાર પ્રતિનિધિઓને **તા.૨૨-૧૨-૨૦૧૮ શનિવાર** ના નલિયા મુકામે પહોંચવાનું રહેશે.

**નીશિથ એ. દંડ**
(સેકેટરી જનરલ)

## શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન

(ધી બોમ્બે પબ્લિક ટ્રસ્ટ એક્ટ ૧૯૫૦ આર નં.એ ૩૯૨૬ (મુંબઈ) ૧૯૯૨)

mahajansamast@gmail.com

Gyatimaiya
Weekly E-magazine